Sunday
18.06.2023
*Volume :7 * Issue No.320
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# કેન્દ્રિય ગૃહમંત્રી શ્રી અમિત ભાઈ શાહ બિપરજોય વાવાઝોડા બાદ કચ્છમાં ઊભી થયેલી સમીક્ષા માટે કચ્છ પહોંચ્યા હતા

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે પણ કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી સાથે ઉપસ્થિત રહીને વર્તમાન સ્થિતિનો ખ્યાલ મેળવ્યો






## કેન્દ્રિય ગૃહમંત્રીશ્રીએ માંડવી સબ ડ્રિસ્ટીક્ટ હોસ્પિટલ ખાતે પહોંચીને નવજાત શિશુ, પ્રસૂતા અને સગર્ભા માતાઓના ખબર અંતર પૂછ્યા

કમલમ્ ન્યુઝ,ભુજ,

કેન્દ્રિય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ બિપરજોય વાવાઝોડા બાદ કચ્છ માં સર્જાયેલી પરિસ્થિતિની સમીક્ષા માટે આજરોજ કચ્છ જિલ્લાની મુલાકાતે પહોંચ્યા હતા.મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ પણ તેમની સાથે જોડાયા હતા. કેન્દ્રિય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે સબ ડ્રિસ્ટીક્ટ હોસ્પિટલની મુલાકાત પણ લીધી હતી. વાવાઝોડા પૂર્વે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અગમચેતી ના ભાગરૂપે સગર્ભા મહિલાઓને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. કેન્દ્રિય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે આ તમામ માતાઓ કે જેમની ડિલિવરી વાવાઝોડા દરમિયાન થઈ હતી તેમની સાથે વાતચીત કરી તેમના ખબર અંતર પૂછ્યા હતા. આ ઉપરાંત, તમામ સગર્ભા માતાઓના તેમજ નવજાત શિશુઓના ખબર અંતર પૂછીને હોસ્પિટલ દ્વારા આપવામાં આવતી આરોગ્ય સુવિધાઓ વિશે જાણકારી મેળવી હતી. ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે માંડવી નલીયા રોડ પર આવેલા કાઠડા ખાતેના આર્ય ફાર્મની મુલાકાત લીધી હતી. ત્યાં સ્થાનિક ખેડૂતો, કિસાન સંઘના આગેવાનો, ગામજનોને સાથે સંવાદ કરીને પાક નુકસાની વિગતો મેળવી હતી. દાડમ અને ખારેકના પાકને નુકસાન થયું છે તે અંગે ખેડૂતોએ ગૃહમંત્રીશ્રીને માહિતી આપી હતી. આ દરમિયાન રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે પણ ઉપસ્થિત રહીને કેન્દ્રિય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહને વાવાઝોડા બાદ કચ્છની પરિસ્થિતિ વિશે જાણકારી આપી હતી.

# ગુજકોમાસોલની પ્રગતિની સફર ૧૬૨૬.૯૪ કરોડમાંથી ૪૭૦૦ કરોડની ઉંચાઈએ પહોંચાડ્તા દિલીપ સઘાણી

કમલમ્ ન્યુઝ,

તા. ૧૭-૭-૨૦૧૭નાં રોજ ફેડરેશનની ચૂંટણી થઈ અને માન. ચેરમેનશ્રી દિલીપ સંઘાણી એ સંસ્થાનું કામકાજ સંભાળ્યું. વર્ષ ૨૦૧૭ માં ચાર્જ સંભાળ્યા બાદ આજદિન સુધી થયેલ કામગીરીનું તુલનાત્મક વિવરણ નીચે મુજબ છે. અગાઉના વર્ષ ૨૦૧૬-૧૭ માં ગુજકોમાસોલ નું ટર્ન ઓવર ૧૬૨૬.૯૪ કરોડ હતું જે દિલીપભાઈ સંઘાણીએ ચાર્જ સંભાળ્યા પછી ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ સુધીમાં ૪૭૦૦ કરોડ સુધી વધારેલ છે.

| ક્રમ | વિગત | વર્ષ ૨૦૧૭-૧૮ | વર્ષ ૨૦૨૨-૨૩ | % વધારો |
|---|---|---|---|---|
| ૧ | ટર્નઓવર | ૨૨૩૯.૦૦ કરોડ | ૪૭૦૦.૦૦ કરોડ | ૧૧૦% |
| ૨ | ગ્રોસ નફો | ૩૯.૮૬ કરોડ | ૭૦.૦૦ કરોડ | ૭૬% |
| ૩ | નેટ નફો | ૭.૭૭ કરોડ | ૨૪.૦૦ કરોડ | ૨૦૯% |
| ૪ | ખાતર વેચાણ | ૧૫૮૪.૦૧ કરોડ | ૧૮૨૧.૭૩ કરોડ | ૧૫% |
| ૫ | બિયારણ વેચાણ | ૧૧.૫૬ કરોડ | ૧૦૭.૦૦ કરોડ | ૮૨૬% |
| ૬ | જંતુ દવા વેચાણ | ૧.૭૩ કરોડ | ૧.૨૭ કરોડ | −૨૭% |
| ૭ | પી.એસ.એસ. હેઠળ ખરીદી | ૫૨૬.૦૦ કરોડ | ૫૧૦૦.૦૦ કરોડ | ૮૭૦% |
| ૮ | ડાયવર્ઝીફિકેશન એન્ડ વેલ્યુએડીશન વિભાગ | અસ્તિત્વ નહોતું નવો વિભાગ ઉભો કર્યો | ૧૧.૫૦ કરોડનું ટર્નઓવર | |
| ૯ | ઈન્વેસ્ટમેન્ટ | ૧૮.૫૩ કરોડ | ૨૯.૫૦ કરોડ | ૫૯% |
| ૧૦ | ફિક્સ ડીપોઝીટ | ૩૮.૦૦ કરોડ | ૧૦૮.૦૦ કરોડ | ૧૮૪% |
| ૧૧ | સ્ટાફનો પગાર | ૧૪.૦૦ કરોડ | ૨૧.૦૦ કરોડ | ૫૦% |
| ૧૨ | ડિવિડન્ડ | (૧૫%) ૨૦% | ૨૨% | ૪૭% |

અગાઉના વર્ષોમાં ૧૨% થી ૧૫% ડિવિડન્ડ ચુકવવામાં આવતું જે શ્રી દિલીપભાઈ સંઘાણીએ ચાર્જ સંભાળ્યા પછી છેલ્લા ચાર વર્ષથી ૨૨% ડિવિડન્ડ ચુકવવામાં આવે છે.




# મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાના હસ્તે બે મૃતક શ્રમિકોના પરિજનોને રૂ. દસ લાખના ચેક અર્પણ કરાયા



કમલમ્ ન્યુઝ,રાજકોટ

રાજ્યના મહિલા અને બાળ વિકાસ તથા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાના હસ્તે બે મૃતક શ્રમિકોના પરિવારજનોને આર્થિક રીતે મદદરૂપ થવા રૂ. દસ-દસ લાખના ચેક રાજકોટ જિલ્લા પંચાયત કચેરી ખાતે અર્પણ કરવામાં આવ્યા હતા. રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના શાપર (વેરાવળ) ગામમાં બાલાજી વાયર પ્રાઈવેટ લીમીટેડ ખાતે તા. ૨૮/૦૫/૨૦૧૪ના રોજ ગોવિંદભાઈ નાનજીભાઈ પરમાર અને યોગેશભાઈ ચંદુભાઈ વાઘેલાનું સેપ્ટીક ટેંકની સફાઇ દરમિયાન ગેસ ગુંગણામણને કારણે મૃત્યુ થયું હતું. મૃતકોના પરિવારજનોને આર્થિક સહાય માટે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભુપતભાઈ બોદરની ઉપસ્થિતિમાં મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાના હસ્તે મૃતક ગોવિંદભાઈના વારસદાર શ્રી કાજલબેન ગોવિંદભાઈ પરમારને તેમજ મૃતક યોગેશભાઈના પિતા ચંદુભાઈ ધનજીભાઈ વાઘેલાને રૂ. દસ લાખના ચેક આપવામાં આવ્યા હતા. આ તકે સામાજિક ન્યાય સમિતિના ચેરમેનશ્રી મોહનભાઈ દાફડા ઉપસ્થિત રહ્યા હતા.

# ભારત સરકારશ્રી દ્વારા સુરત મહાનગરપાલિકાને "શ્રેષ્ઠ અર્બન લોકલ બોડી" કેટેગરીમાં ત્રીજા ક્રમે - જોઈન્ટ વિજેતા તરીકે જાહેર કરેલ



કમલમ્ ન્યુઝ,

સમગ્ર ભારત દેશમાં વિવિધ શહેરોમાં / જીલ્લામાં, ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પુરવઠા વ્યવસ્થામાં કરવામાં આવી રહેલ વિશિષ્ટ કામગીરીઓને પ્રોત્સાહિત કરવા તેમજ જળ સંરક્ષણની અમલવારી સુનિશ્ચિત કરવા સારું દર વર્ષે જળ શક્તિ મંત્રાલય, ભારત સરકારશ્રી તરફથી વિવિધ કેટેગરીઓમાં નોમીનેશન્સ મંગાવવામાં આવે છે તથા સઘન રીતે મુલ્યાંકન કર્યા બાદ ટ્રોફી, સર્ટીફીકેટ તેમજ રોકડ પુરસ્કારથી વિજેતાઓને બિરદાવવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા તરફથી "બેસ્ટ અર્બન લોકલ બોડી" કેટેગરીમાં શહેર વિસ્તારમાં અમલમાં મુકવામાં આવેલ વિવિધ પાસાઓ જેવા કે, ફ્રેંચવેલ્સ પ્રણાલી, વોટર સપ્લાય ગ્રીડ સીસ્ટમ, ૨૪૮૭ પાણી પુરવઠા વ્યવસ્થા, રીન્યુએબલ એનેર્જીનો પાણી પુરવઠા સંચાલનમાં ઉપયોગ તેમજ થતી બચત, રેઈન વોટર હાર્વેસ્ટિંગ, વોટર કવોલીટી મોનીટરીંગ સીસ્ટમ, ટર્શરી ટ્રીટમેન્ટ કરેલ વેસ્ટ વોટર નો ઔદ્યોગિક એકમો માટે ઉપયોગ, સુરત શહેર વિસ્તારમાં તળાવોની જાળવણી વિગેરેનો સમાવેશ કરી સંકલિત નોમીનેશન જમા કરાવવામાં આવેલ. આ તમામ પાસાઓની ખરાઈ કર્યા તથા જરૂરી મુલ્યાંકન કરી જળ શક્તિ મંત્રાલય, ભારત સરકારશ્રી દ્વારા સુરત મહાનગરપાલિકાને "શ્રેષ્ઠ અર્બન લોકલ બોડી" કેટેગરીમાં ત્રીજા ક્રમે - જોઈન્ટ વિજેતા તરીકે જાહેર કરેલ છે. એવોર્ડ સમારંભ તા.૧૭-૦૬-૨૦૨૩ નાં રોજ વિજ્ઞાન ભવન, નવી દિલ્લી ખાતે આયોજન કરવામાં આવેલ છે. જેમાં સુરત મહાનગરપાલિકા તરફથી મે. મેયરશ્રી - શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા તેમજ મેં.કમિશ્નરશ્રી - શ્રીમતી શાલીની અગ્રવાલ IAS, ઉપસ્થિત રહેલ. એવોર્ડ સમારંભમાં મહામહિમ ઉપરાષ્ટ્રપતિશ્રી - શ્રી જગદીપ ધનખર જી, માનનીય મંત્રીશ્રી - શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત - જળ શક્તિ મંત્રાલય, માનનીય મંત્રીશ્રી - પ્રહલાદ સિંહ પટેલ - મીનીસ્ટર ઓફ સ્ટેટ - ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ જલ શક્તિ, માન.મંત્રીશ્રી - શ્રી બીશ્વેશ્વર ટુડુ - મીનીસ્ટર ઓફ સ્ટેટ ફોર જલ શક્તિ તથા સેક્રેટરીશ્રી - પંકજ કુમાર ઉપસ્થિત રહેલ તથા માનનીય મંત્રીશ્રી - શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત - જળ શક્તિ મંત્રાલય, ભારત સરકારશ્રીનાં વરદ હસ્તે સુરત મહાનગરપાલિકાને પ્રશસ્તિપત્ર, ટ્રોફી તેમજ રોકડ પુરસ્કાર એનાયત કરી સન્માનિત કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર ગુજરાત રાજ્યમાંથી ચોથા નેશનલ વોટર એવોર્ડસ માટે એવોર્ડ વિજેતા થયેલ હોય તેવી મહાનગરપાલિકામાં એક માત્ર સુરત મહાનગરપાલિકા છે તથા શહેરીવિસ્તારમાં જળ સંરક્ષણ ક્ષેત્રે અમલમાં મુકવામાં આવેલ વિવિધ પ્રકલ્પો તેમજ વિશિષ્ટ ઉપાયો ઉદાહરણ સમાન હોય, ભારતના અન્ય શહેરોને પણ અનુકરણ કરવા માટે સુરત મહાનગરપાલિકા પ્રેરણાદાયી બની રહેલ છે.

# ગીરસોમનાથ જિલ્લાકલેક્ટર શ્રી એચ.કે.વઢવાણિયાના અધ્યક્ષસ્થાને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની પૂર્વતૈયારીઓને અનુલક્ષી મિટિંગયોજાઇ

## 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય' થીમ પર ૨૧મી જૂનના રોજ સોમનાથ ચોપાટી ગ્રાઉન્ડ ખાતે થશે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી



કમલમ્ ન્યુઝ,સોમનાથ

'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય'થીમ પર ૨૧મી જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થવા જઈ રહી છે. જે અંતર્ગત ઈણાજ જિલ્લા સેવા સદન ખાતે કલેકટર શ્રી એચ.કે.વઢવાણિયાની અધ્યક્ષતામાં યોગ દિવસની સુનિયોજિત રીતે ઉજવણી થાય તે અંગે મિટિંગ યોજવામાં આવી હતી. યોગ એ ભારતીય સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે. ૨૧મી જૂનના રોજ સોમનાથ ચોપાટી ગ્રાઉન્ડ ખાતે થનાર નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીની પૂર્વતૈયારીઓ અંગે જિલ્લા કલેક્ટરશ્રીએ સંબંધિત વિવિધ વિભાગના શીર્ષ અધિકારીશ્રીઓને માર્ગદર્શિત કર્યા હતા અને સમગ્ર જિલ્લામાં વધુમાં વધુ લોકો પોતાની ભાગીદારી નોંધાવે તેમજ સુનિયોજીત રીતે તમામ જગ્યાએ યોગ દિવસની ઉજવણી થાય તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. સરકારશ્રી દ્વારા વિશાળ જનભાગીદારી સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ભવ્ય રીતે થાય તેવું નક્કી કરવામાં આવેલ છે ત્યારે ગીર સોમનાથ જિલ્લામાં પણ નગરપાલિકા, શાળા, કોલેજ સહિત અન્ય શૈક્ષણિક સંસ્થાઓ, એનજીઓ તેમજ મોટી સંખ્યામાં લોકો જોડાય તે હેતુસર કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને વિવિધ સમિતિઓની રચના કરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ તકે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી રવિન્દ્ર ખતાલે, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી મનોહરસિંહ જાડેજા, જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી મકવાણા, જિલ્લા રમત અધિકારી શ્રી કાનજી ભાલિયા, સોમનાથ ટ્રસ્ટ જનરલ મેનેજર શ્રી વિજયસિંહ ચાવડા, પ્રાંત અધિકારી શ્રી કે.વી.બાટી તેમજ જે. એમ.રાવલ સહિત શીર્ષ અધિકારીશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતાં.

# વલસાડ જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિની બેઠક કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રેના અધ્યક્ષસ્થાને યોજાઈ

## ઉમરગામમાં મોહનગામ અને ઘોડીપાડામાં વ્યાજબી ભાવની બે દુકાનને મંજૂરી અપાઈ



કમલમ્ ન્યુઝ,વલસાડ

વલસાડ જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિ અને જિલ્લા તકેદારી સમિતિની બેઠક કલેકટર કચેરીના સભાખંડમાં જિલ્લા સમાહર્તાશ્રી ક્ષિપ્રા આગ્રેના અધ્યક્ષપણા હેઠળ મળી હતી. ઉમરગામના ધારાસભ્યશ્રી રમણલાલ પાટકરે ફરિયાદ કરતા જણાવ્યું કે, સરકાર દ્વારા પ્રજાને સસ્તા દરે અનાજ પુરૂ પાડવામાં આવે છે અને વ્યાજબી ભાવની દુકાનના સંચાલકો દ્વારા પૂરતુ અનાજ અપાતુ ન હોવાની ફરિયાદો મળી રહી છે. જેથી ગ્રાહકોને પોતાના હકનું પૂરતુ અનાજ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે રજૂઆત કરી હતી. વધુ શ્રીપાટકરે કહ્યુ કે, હવે ચોમાસાની સિઝન શરૂ થનાર છે તો કેટલાય ગામડામાં પુલ-કોઝવે ડૂબાણમાં જતા હોય છે જેના કારણે લોકો કંટોલમાં અનાજ લેવા પહોંચી શકતા નથી તો તેવા સંજોગોમાં બે માસનો એડવાન્સ અનાજનો જથ્થો આપવા રજૂઆત કરી હતી. તમામ મામલતદારોને અન્નબ્રહ્મ યોજના હેઠળ દર મહિને રેશન કાર્ડ ન ધરાવતા ઘર વિહોણા જરૂરીયાતમંદોને અન્ન સુરક્ષા પુરી પાડવા અધ્યક્ષસ્થાનેથી સૂચન કરાયું હતું.

તમામ તાલુકાઓમાં એપ્રિલ ૨૦૨૩ અંતિત વિતરણ નિર્ધારિત લક્ષ્યાંક કરતા ઓછુ હોવાથી ચાલુ માસનું વિતરણ ઓછામાં ઓછુ ૯૫ ટકા સુધી કરવા મામલતદારોને સૂચના આપી હતી. તમામ મામલતદારો અને તેમની ટીમ દ્વારા નિયત વાજબીભાવની દુકાનની તાલુકા દીઠ ૧૮ની તપાસણી અંગે તકેદારી રાખવા સૂચના આપી હતી.પુરવઠા સલાહકાર સમિતિના સભ્ય અને અટગામ વિવિધ સેવા સહકારી મંડળીના ચેરમેન રૂપેશભાઈ પટેલે જણાવ્યું કે, ગામડામાં લોકો ધંધા રોજગાર અર્થે બહારગામ જતા હોવાથી તેઓ મહિનાની ૩૦મી તારીખ સુધીમાં અનાજ લેવા પહોંચી શકતા નથી. જો બે મહિના સુધી અનાજ ન લે તો રાશન કાર્ડ બંધ થઈ જાય અને ફરી ચાલુ કરવા માટે ગ્રાહકોએ હેરાન થવુ પડે છે. જેથી ગ્રાહક તારીખ ચુકી ન જાય તે માટે વ્યાજબી ભાવની દુકાનના સંચાલક ફોન કરી જાણ કરે તેવી વ્યવસ્થા ગોઠવવા સૂચન કર્યુ હતુ. જે સૂચનને કલેકટરશ્રીએ આવકારી અમલમાં મુકવા જણાવ્યું હતું. આ બેઠકમાં ઉમરગામ તાલુકામાં મોહનગામ અને ધોડીપાડામાં વસ્તીના આધારે વ્યાજબી ભાવની બે દુકાન ફાળવવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મનિષ ગુરવાની, પ્રોબેશનરી આઈએએસ નિશા ચૌધરી, નિવાસી અધિક કલેકટર અનસૂયા જહા, જિલ્લા પુરવઠા અધિકારી કાજલ ગામીત, જિલ્લાના મામલતદારો અને કંટોલ સંચાલકો તેમજ સમિતિના સભ્યો ઉપસ્થતિ રહ્યા હતા.

# રમતવીરોના પ્રિય યોગાચાર્ય રાજેશ સનાભાઈ બારોટ છેલ્લા ત્રણ દાયકાથી યોગાભ્યાસ કરી રહ્યા છે.

## આઝાદી અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે જમીનથી પચાસ ફૂટ ઉપર પાંચમા માળે રહેણાંક કોમ્પ્લેક્સ ટેરેસના પાતળા ઢાળ પર અનોખા એક હસ્ત આસન સાથે વિશેષ ઓળખ મેળવી



કમલમ્ ન્યુઝ,

આસન એ છે જ્યાં શરીર સ્થિર બને છે અને ધ્યાન એ છે જ્યાં મન સ્થિર થાય છે. યોગ એ બંનેનો સમન્વય છે. આ શબ્દો છે યોગાચાર્ય રાજેશ સનાભાઈ બારોટના જેઓ છેલ્લા ૩૦ વર્ષથી યોગાભ્યાસ કરી રહ્યા છે. તેમની કુશળતાથી તે લોકોને સ્વસ્થ અને તણાવમુક્ત જીવન તરફ માર્ગદર્શન આપે છે. રાજેશ ખેલૈયાઓ, ખાસ કરીને ક્રિકેટરો સાથે કામ કરવા માટે જાણીતા છે અને તેમને આસનો શીખવે છે જે તેમને લવચીકતા આપે છે અને ઈજાઓને સાજા કરવામાં મદદ કરે છે. ૫૭ વર્ષની ઉંમરે , તે ૪૦ થી ૪૫ પ્રકારના મુદ્રાઓ કરી શકે છે , જે આજના યુવાનો માટે પ્રેરણા છે જેઓ પોતાની ડિજિટલ દુનિયામાં વ્યસ્ત છે. વડોદરાના રાજેશ બારોટે પોતાના અભ્યાસમાં ધ્યાન આપવા માટે યોગની શરૂઆત કરી અને ત્યારથી તે તેમના જીવનનો અભિન્ન ભાગ બની ગયો છે. તેણે કહ્યું, મારા શાળાના દિવસોમાં હું મારા અભ્યાસ પર ધ્યાન આપવા માટે યોગ તરફ વળ્યો હતો. તે ખરેખર મને મદદ કરી અને પછી મેં ચાલુ રાખવાનું નક્કી કર્યું અને તે મારા જીવનનો અભિન્ન ભાગ બની ગયો. આસન લવચીકતા અને તંદુરસ્તી માટે છે જ્યારે ધ્યાન તમને માનસિક તંદુરસ્તી આપે છે. તે સંવેદનશીલતા પણ વધારે છે અને શરીરની અંદરના ચક્રોને એનર્જી આપે છે. હું ૪૦ થી ૪૫ પ્રકારના આસનો કરુ છું જેમાં આગળ નમવું, પાછળ વાળવું, વળવું, પેટ, પાછળની સ્થિતિ, પગ અને હાથનો સમાવેશ થાય છે. યોગાચાર્ય રાજેશ બારોટે મહાત્મા ગાંધી યોગ અને નેચર યુનિવર્સિટી દિલ્હીમાંથી યોગમાં ડિપ્લોમા અને MSU બરોડામાંથી યોગનો વિશેષ કોર્સ કર્યો છે. તેણે વડોદરામાં શાળા અને કોલેજ પૂર્ણ કરી અને રમતવીરોને ખાસ કરીને ક્રિકેટરોને યોગા સ્ટ્રેચિંગની તાલીમ આપવામાં નિષ્ણાત છે. રાજેશ બારોટ, રમતવીરોની પ્રથમ પસંદગી, તેઓને તેમની લવચીકતા અને વિવિધ મુદ્રાઓ સુધારવાની રીતો બતાવે છે જે અનિવાર્ય પરિસ્થિતિઓમાં જ્યારે તેઓ મેદાન પર પડે છે ત્યારે તેમની ઈજાઓ ઘટાડે છે. "યોગ સ્ટ્રેચિંગ ખેલાડીઓને લવચીકતામાં મદદ કરે છે અને તેમની પીઠ અને

### હસ્ત આસન, એક હસ્ત આસન, ઉર્ધ્વ હસ્ત પદ્માસનમાં વિશેષતા ધરાવે છે

શરીરના અન્ય ભાગોને શક્તિ આપે છે. આ તેમને હેમસ્ટ્રિંગ, સ્નાયુ ખેંચવા અને જમીન પર થતી અન્ય ઈજાઓને સાજા કરવામાં પણ મદદ કરે છે. હું ઈજાઓને સાજા કરવા માટે એક્યુપ્રેશર પોઈન્ટ્સને લક્ષ્યાંકિત કરુ છું અને તેમને યોગ્ય રીતો પણ શીખવીશ કે જે અનિવાર્ય પરિસ્થિતિઓમાં જ્યારે તેઓ મેદાન પર પડે ત્યારે તેમની ઈજાઓ ઘટાડે છે. મેં પીટી જેવા દિગ્ગજોને યોગ સ્ટ્રેચિંગ અને મેડિટેશન શીખવ્યું. ઉષા અને યુસુફ પઠાણ, હાર્દિક પંડ્યા, અર્જુન તેંડુલકર, યશશ્વી જયસ્વાલ, નયન મોંગિયા, અતુલ બેદાડે, સ્નેહલ પરીખ અને પ્રોફેશનલ બોડી બિલ્ડર પ્રેમચંદ દેગરા જેવા ક્રિકેટરો," બારોટે જણાવ્યું હતું. આખા વર્ષ દરમિયાન તે લોકોને યોગની મદદથી ફિટ અને સ્વસ્થ રહેવાની રીતો શીખવે છે. હસ્ત આસન, એક હસ્ત આસન, ઉર્ધ્વ હસ્ત પદ્માસન તેમની કેટલીક વિશેષતા છે. "હું કોઈપણ આસન સૂચવતા પહેલા શરીરની પ્રકૃતિ અને ભાષાનો અભ્યાસ કરું છુ. યોગ નિયમિત જીવનમાં ફાયદાકારક છે અને ચેર યોગ, ડાયનેમિક મેડિટેશન જેવા કેટલાક આધુનિકીકરણ લોકોને બેસીને અને ચાલતી વખતે આસન કરવામાં મદદ કરે છે," રાજેશે કહ્યું. યોગાચાર્ય રાજેશ બારોટે આઝાદી અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે યોજાયેલા 'યોગ થ્રુ હેલ્ધી લાઈફ'ના ભાગરૂપે જમીનથી પાંચમા માળે પચાસ ફૂટ ઉપર રહેણાંક કોમ્પ્લેક્સ ટેરેસના પાતળા ઢાળ પર એક હસ્ત આસન (એક હાથનું સંતુલન) નિદર્શન કર્યુ હતું. અનન્ય યોગ પરાક્રમ સારા શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય, એકાગ્રતા અને સંતુલન દર્શાવે છે જે તમારા સપનાને સિદ્ધ કરવા માટે જીવનમાં જરૂરી છે. યોગાચાર્ય રાજેશ સનાભાઈ બારોટ, ૨૦૧૨ માં ગોલ્ડ મેડલ, ૨૦૧૩ માં તાઈવાનમાં બ્રોન્ઝ મેડલ , ખેલ મહાકુંભમાં મેડલ, ગુજરાત સરકાર તરફથી સરદાર પટેલ એવોર્ડ અને ૨૦૨૩ માં યુમા નવરત્ન એવોર્ડ જેવા અનેક પુરસ્કારો પ્રાપ્ત કરનાર છે. તેમણે કહ્યુ કે સૌથી પડકારજનક ભાગ છે. લોકોને યોગ તરફ પ્રેરિત કરો અને સિદ્ધિ એ છે જ્યારે તેઓ અનુસરે છે અને તેને તેમના જીવનના અભિન્ન અંગ તરીકે સ્વીકારે છે.

# પીજીવીસીએલ તેમજ માર્ગ અને મકાન (ઈલેક્ટ્રિકલ)ની ટીમે મહત્વની કચેરીઓ ખાતે વીજ પૂરવઠો જાળવી રાખ્યો

## જિલ્લા સેવા સદન, તાલુકા સેવા સદન તેમજ સર્કિટ હાઉસ ખાતે વાવાઝોડાના પગલે પાવર બેક-અપ માટે કરાઈ હતી જનરેટરની વ્યવસ્થા



કમલમ્ ન્યુઝ,મોરબી

વાવાઝોડાના પગલે ક્યાંક નુકસાન થાય અને વીજ પુરવઠો ખોરવાઈ જાય ત્યારે જિલ્લા વહીવટી તંત્રની કામગીરીમાં અવરોધ ન આવે તે માટે પીજીવીસીએલ તેમજ માર્ગ અને મકાન (ઈલેક્ટ્રિકલ) દ્વારા જનરેટરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યાં પીજીવીસીએલનો સ્ટાફ તેમજ માર્ગ અને મકાન (ઈલેક્ટ્રિકલ)નો સ્ટાફ શિફ્ટ વાઈઝ ૨૪ કલાક કાર્યરત હતો.વહીવટી તંત્ર દ્વારા વાવાઝોડાના પગલે ગત ચાર-પાંચ દિવસ દરમિયાન કંટ્રોલરૂમની સાથે મહત્વના વિભાગો રાઉન્ડ ક્લોક શરૂ રાખવામાં આવ્યા હતા. ત્યારે વીજ પુરવઠો ખોરવાઈ જવાના કારણે કામગીરીમાં કોઈ વિક્ષેપ ન આવે તે માટે જિલ્લા સેવાસદન, તાલુકા સેવા સદન અને સર્કિટ હાઉસ ખાતે પાવર બેક-અપ માટે જનરેટરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના માટે શિફ્ટ વાઈઝ માર્ગ અને મકાન (ઈલેક્ટ્રિકલ) તેમજ પીજીવીસીએલના સ્ટાફને નિયુક્ત કરવામાં આવ્યા હતો. પાવર બેકઅપ માટે જનરેટરની વ્યવસ્થા અને મોનિટરિંગની કામગીરીમાં પીજીવીસીએલના એન્જિનિયર શ્રી પી.જે. દલસાણીયા, માર્ગ અને મકાન વિભાગ (ઈલેક્ટ્રિકલ)ના એન્જિનિયર શ્રી જે.કે. ગોહેલ, પીજીવીસીએલના એન્જિનિયર શ્રી ડી.એન. ભીલા, ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટશ્રી કેતનભાઈ વરગીયા, લાઈનમેનશ્રી ભરતભાઈ ડામોર, આસિસ્ટન્ટ લાઈનમેનશ્રી દિનેશભાઈ ડાભી અને શ્રી દશરથભાઈ પઢારીયા તેમજ માર્ગ અને મકાન વિભાગ (ઈલેક્ટ્રિકલ)ના વાયરમેન સર્વશ્રી ઝાલા કિશોરસિંહ, સંજય ઝાંબુકિયા, નિતીન ગોહેલ, ભાર્ગવ લાડવા તેમજ શૈલેષ બારડ વગેરેએ મહત્વની ભૂમિકા ભજવી આ પાવર બેક અપની વ્યવસ્થા જાળવી હતી.

# પાલનપુર ખાતે પ્રભારી મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતના અધ્યક્ષસ્થાને બિપરજોય વાવાઝોડાની પરિસ્થિતિ અંગે અધિકારીઓ-પદાધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ

## નુકશાનીનો સર્વે હાથ ધરીએ તથા જે લોકોનું સ્થળાંતર કરાયું છે તેમને ખુબ ઝડપથી કેશડોલની સહાય ચુકવીને આ મુશ્કેલીની ઘડીમાં મદદરૂપ બનીએઃ--પ્રભારી મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત



### પ્રભારી મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતે પાલનપુર રેલવે સ્ટેશન પર બરેલી- ભૂજ ટ્રેનના મુસાફરોને રૂબરૂ મળી તેમના ગંતવ્ય સ્થાન પર જવાની વ્યવસ્થા કરાવી

બનાસકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતે આજે પાલનપુર રેલવે સ્ટેશનની મુલાકાત લઈ બરેલી- ભૂજ ટ્રેનના મુસાફરોને રૂબરૂ મળીને તેમના ભોજન તથા આગળના ગંતવ્ય સ્થાન પર જવાની વ્યવસ્થા કરવા માટે વહીવટી તંત્રના અધિકારીઓને સુચના આપતા બસ મારફત આ મુસાફરોને ગાંધીધામ અને ભૂજ મોકલવામાં આવશે. બરેલીથી ભૂજ જતી ટ્રેન કચ્છમાં ત્રાટકેલા બિપરજોય વાવાઝોડા અને ભારે વરસાદના કારણે પાલનપુર રેલવે સ્ટેશન પર અટકાવવી પડી હતી. સૂસવાટા મારતું વાવાઝોડું અને ભારે વરસાદના કારણે આ ટ્રેન આગળ વધી શકે એમ નહોતી એટલે ૩૦૦ જેટલાં પેસેન્જરો સાથેની આ ટ્રેન ગઈકાલથી પાલનપુર રેલવે સ્ટેશન પર અટકેલી ઉભી છે. આ ટ્રેનમાં જતા મુસાફરો માટે બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ફૂડ પેકેટ અને ચા- પાણી, નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલી છે. પાલનપુર પ્રાંત અધિકારી, પાલનપુર રેલવે સ્ટેશનના મેનેજર તથા રેલવે પોલીસના અધિકારીઓ સાથે ચર્ચા કરીને યાત્રિઓની સુરક્ષા અને અન્ય વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

કમલમ્ ન્યુઝ,આનંદ ઠકકર

બિપરજોય વાવાઝોડું છેલ્લા બે દિવસથી ગુજરાતને ઘમરોળી રહ્યું છે. આ વાવાઝોડાના લીધે બે દિવસથી બનાસકાંઠા જિલ્લામાં ભારે વાવાઝોડા સાથે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. આ વાવાઝોડાની પરિસ્થિતિનો તાગ મેળવવા પાલનપુર કલેક્ટર કચેરી ખાતે ઉદ્યોગ વિભાગના કેબીનેટ મંત્રીશ્રી અને જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતના અધ્યક્ષસ્થાને અધિકારીઓ-પદાધિકારીઓની ઉપસ્થિતિમાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં કલેક્ટરશ્રી વરૂણકુમાર બરનાવાલે જિલ્લામાં વાવાઝોડાની પરિસ્થિતિ વિશે મંત્રીશ્રીને માહિતગાર કર્યા હતા. આ બેઠકમાં મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતે બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્રની કામગીરીની સરાહના કરતાં જણાવ્યું કે, વાવાઝોડા પહેલાં કરવામાં આવેલા આગોતરા આયોજનને લીધે જિલ્લામાં મોટું નુકશાન નિવારી શકાયું છે. તેમણે કહ્યું કે, વરસાદના લીધે જે વિસ્તારોમાં પાણી ભરાયા છે ત્યાં યુધ્ધના ધોરણે પાણી નિકાલની વ્યવસ્થા કરી સ્થિતિ પહેલાંના જેવી સામાન્ય કરવામાં આવે. વરસાદી પાણીના નિકાલ માટે પુરતી ટીમો લગાવી આ કામગીરી ખુબ ઝડપથી પૂર્ણ કરવામાં આવે અને વધારાની ટીમોની જરૂર જણાય તો અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની ટીમો બોલાવીને તેમની મદદથી પાણી નિકાલની કામગીરીને પ્રાયોરીટીના ધોરણે કરવા જણાવ્યું હતું. પાલનપુર-આબુરોડ નેશનલ હાઈવે પર ભરાયેલા પાણીનો ઝડપથી નિકાલ કરીને હાઈવે પર વાહન વ્યવહાર યથાવત રહે તે માટેની કામગીરી કરવા સુચના આપી હતી.મંત્રીશ્રીએ જણાવ્યું કે, વાવાઝોડામાં ભારે પવનના કારણે મોટી સંખ્યામાં વીજપોલ ધરાશયી થયા છે. યુ.જી.વી.સી.એલ. દ્વારા વીજપોલ રિસ્ટોરેશનની કામગીરી ઝડપથી પૂર્ણ થાય એ માટે આજુબાજુના જિલ્લાની ટીમોને કામે લગાવવામાં આવે તથા વીજ પુરવઠો ઝડપથી પૂર્વવત થાય એ માટે ખાસ તાકીદ કરી હતી. તેમણે ઉમેર્યુ કે, ઝડપથી નુકશાનીનો સર્વે હાથ ધરીને જે લોકોનું આશ્રયસ્થાનો અને શેલ્ટર હોમમાં સ્થળાંતર કરવામાં આવ્યું છે તેમને ખુબ ઝડપથી કેશડોલની સહાય ચુકવીને આ મુશ્કેલીની ઘડીમાં મદદરૂપ બનીએ. ઉપરવાસ રાજસ્થાનમાં ભારે વરસાદની સ્થિતિ સર્જાય તો જિલ્લાના નદીકાંઠા વિસ્તારના લોકોને એલર્ટ રાખવા તથા કોઈ જાનમાલને નુકશાન ન થાય તેની ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું. આ બેઠકમાં સાંસદશ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકારના દિશા-નિર્દેશો અનુસાર જિલ્લા વહીવટી તંત્રની અગમચેતી અને સુંદર આગોતરા આયોજનના લીધે કોઈ જાનહાનિ થઈ નથી. વાવાઝોડાના લીધે જિલ્લામાં મોટું નુકશાન ન થાય એના માટેના તંત્રના પ્રયાસોની તેમણે પ્રસંશા કરી હતી. બેઠકમાં ઉપસ્થિત ધારાસભ્યશ્રીઓએ પોતાના મતવિસ્તારની પરિસ્થિતિથી મંત્રીશ્રીને વાકેફ કર્યા હતા. આ બેઠકમાં ધારાસભ્યો સર્વશ્રી કેશાજી ચૌહાણ, શ્રી પ્રવિણભાઈ માળી, શ્રી અનિકેતભાઈ ઠાકર, શ્રી માવજીભાઈ દેસાઈ, સંગઠનના પ્રમુખશ્રી કિર્તીસિંહ વાઘેલા, મહામંત્રીશ્રી કનુભાઈ વ્યાસ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્વપ્નિલ ખરે, પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા, નિવાસી અધિક કલેક્ટરશ્રીઆર.એન. પંડ્યા સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.




કમલમ્ ન્યુઝ,આનંદ ઠકકર ડીસા

બીપરજોય વાવાઝોડુ ગુજરાત ઉપરથી પસાર થઈ ગયું છે. પરંતુ તેની પાશ્ચાતવર્તી અસરોના કારણે બનાસકાંઠામાં થયેલા નુકસાન અને આગામી પગલા ભરવા માટે જિલ્લા કલેકટર કચેરી ખાતે સમીક્ષા બેઠકનું આયોજન કર્યું. જેમાં સાંસદશ્રી પરબતભાઈ પટેલ, ધારાસભ્ય સર્વશ્રી શ્રી અનિકેતભાઈ ઠાકર, શ્રી પ્રવીણભાઈ માળી, શ્રી કેશાજી ચૌહાણ, શ્રી માવજીભાઈ દેસાઈ અને જિલ્લા ભાજપ પ્રમુખશ્રી કીર્તિસિંહ વાઘેલા તથા જિલ્લા કલેકટર શ્રી, જિલ્લા પોલીસ વડા શ્રી, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, રેલવે વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજયના આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે ભુજમાં આવશ્યક સેવાના રીસ્ટોરેશન કામગીરીની સમીક્ષા કરી



કમલમ્ ન્યુઝ,ભુજ,

બિપરજોય વાવાઝોડાના પગલે કચ્છ જિલ્લામાં અસરગ્રસ્ત તાલુકાઓમાં આવશ્યક સેવાઓને પૂર્વવત કરવા વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે રીસ્ટોરેશન કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે ભુજ ખાતે રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ તથા પ્રભારી મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ વીજ રીસ્ટોરેશની કામગીરીની સમીક્ષા કરી હતી.કચ્છના મુખ્ય મથક ભુજ ખાતે તેમણે કોમર્સ કોલેજ તથા ખારી નદી રોડ ખાતે પીજીવીસીએલના કર્મયોગીઓ દ્વારા ચાલતી કામગીરીની સમીક્ષા કરી જરૂરી સૂચનાઓ આપી હતી. તેમજ સંબંધિત અધિકારીશ્રીઓને તત્કાલ રહેણાંક વિસ્તારોમાં પ્રાથમિકતાના ધોરણે વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા જણાવ્યુ હતું. સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય શ્રી કેશુભાઈ પટેલ ,પ્રભારી સચિવ શ્રી હર્ષદભાઈ પટેલ, પીજીવીસીએલના એમ.ડી શ્રી પ્રીતિ શર્મા તથા સંબંધિત અધિકારીશ્રીઓ જોડાયા હતા

# નવમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી "એક પૃથ્વી એક સ્વાસ્થ્ય"વિષય પર કરાશે

## ગાંધીનગર જિલ્લામાં નવમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી આઠ આઇકોનિક સ્થળ સાથે કુલ- ૧૪૩૨ સ્થળો ખાતે કરાશે : જિલ્લા કલેકટરશ્રી

### જિલ્લામાંથી ૨ લાખ ૫૪ હજાર કરતાં વધુ નાગરિકો યોગના કાર્યક્રમમાં સહભાગી બનશે : જિલ્લા કક્ષાનો યોગ કાર્યક્રમ માણસા કોલેજ ખાતે યોજાશે



કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં નવમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી આઠ આઈકોનિક સ્થળ સાથે કુલ- ૧૪૩૨ સ્થળો ખાતે કરવામાં આવશે. જિલ્લામાંથી ૨ લાખ ૫૪ હજાર કરતાં વધુ નાગરિકો યોગના કાર્યક્રમમાં સહભાગી બનશે. ગાંધીનગર જિલ્લા કક્ષાનો યોગ કાર્યક્રમ માણસા કોલેજ ખાતે યોજાશે, તેવું જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાએ પત્રકાર બેઠકમાં જણાવ્યું છે. વિશ્વ યોગ દિવસની ઉજવણી અંતર્ગત જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાએ મીડિયાના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ૨૧ જૂન ને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કરાયો છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાં આઠ આઈકોનિક સ્થળ સાથે કુલ- ૧૪૩૨ સ્થળો ઉપર વિશ્વ યોગ દિવસની ઉજવણી થશે. વર્તમાન સમયમાં લોકો જીવનશૈલી ના લીધે ડાયાબિટીસ, હાઈ બી.પી., શ્વાસ, એલર્જી, હૃદયરોગ જેવા શારીરિક રોગો તેમજ હતાશા અને તણાવ જેવા માનસિક રોગોનો વધારે ભોગ બની રહ્યા છે, ત્યારે ભારતીય પુરાતન શાસ્ત્ર એવું યોગ જીવનશૈલીનો એક ભાગ બને અને જીવન સાથે વણાઈ જાય તે જરૂરી છે. યોગના નિયમિત અભ્યાસ થી આપણા ઋષિમુનિઓ વર્ષો સુધી સ્વાસ્થ્ય સભર જીવન જીવતા હતા. યોગના નિરંતર અભ્યાસ થી સ્વસ્થ જીવન જીવી શકાય છે, ઘણા બધા રોગો થતાં અટકાવી શકાય છે અને રોગોને નિયંત્રણમાં રાખી શકાય છે. કલેકટરશ્રીએ ઉમેર્યુ હતું કે, પ્રાણાયામ અને ધ્યાન થી માનસિક શાંતિ અને હકારાત્મક શક્તિ વધે છે જેની અસરથી રોગપ્રતિકારક શકિત પણ વધે છે. આ યોગ ના લાભ દરેક વ્યક્તિ સુધી પહોંચે એ હેતુ થી " એક પૃથ્વી એક સ્વાસ્થ્ય" વિષય પર " હર ઘર આંગણ સ્વાસ્થ્ય" અને " વસુધૈવ કુટુમ્બકમ માટે યોગ" ના સંકલ્પ સાથે આ વર્ષે ગાંધીનગર ખાતે નવમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાશે. તેમણે કહ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" ના કાર્યક્રમના સુચારુ આયોજન અને સંચાલન માટે વિવિધ સમિતિઓની રચના કરી વિવિધ કામગીરી સોંપવામાં આવી છે. જિલ્લામાં પંચાયત, આરોગ્ય, શિક્ષણ તથા પોલીસ સહિતના વિભાગો મારફત યોગ અંગે વિવિધ કાર્યક્રમો જેવા કે, પ્રભાત ફેરી, યોગ યાત્રા, યોગ નિદર્શન, પોલીસ જવાનો દ્વારા બાઈક રેલી તેમજ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા યોગ વિષય પર નિબંધ તથા ચિત્રકલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં કુલ ૨,૫૧,૦૪૧ લોકો ભાગ લેનાર છે. જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાએ જણાવ્યું હતું કે, જિલ્લાના ૮ આઈકોનીક સ્થળો જેવા કે, મહુડી, ગીફ્ટસીટી, આંબાપુર વાવ, રૂપાલ વરદાયીની માતા મંદિર, કંથારપુર વડ, અડાલજની વાવ, ત્રિમંદિર (અડાલજ) જેવા સ્થળો પર ૨૧ જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો કાર્યક્રમ યોજવામાં આવશે. જેમાં કુલ ૧,૩૭૫ લોકો ભાગ લેનાર છે. જિલ્લા કક્ષાનો કાર્યક્રમ માણસા કોલેજ ખાતે ૨૦૦૦ લોકોની ઉપસ્થિતિમાં યોજાશે. ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે તમામ પંચાયત, ઝઉઁઝ,ઉઁઝ કેન્દ્રો, જિલ્લામાં આવેલ પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ તથા અન્ય વિભાગ મળી કુલ ૧૪૩૨ જેટલા સ્થળોએ કાર્યક્રમો યોજાશે. જેમા કુલ અંદાજે ૨,૫૪,૪૧૯ લોકો ભાગ લેશે.

•Printer/Publisher/Owner &Editor: Mahesh N.Patel. •Printed At:-CaptialOffset 801/1, Gi.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028